# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા

## બાળ સત્સંગ પરીક્ષા કાર્યાલય

## સત્સંગ વિહાર - ૧ : પ્રેક્ટિસ પેપર - ૬

## જવાબપત્ર - ૬

સમય : ૧ કલાક
કુલ ગુણ : ૫૦

**પ્ર.૧ સાચો વિકલ્પ પસંદ કરી ચોરસ ખાનામાં જવાબ નંબર લખો.** **[૨૫]**

**૧.** ડુંગળી - લસણ અને હિંગ આપણે શા માટે ન ખવાય?
(૧) રોગનું કારણ છે. **(૨) તે ખોરાક તામસી છે.** **૧.** ૨
(૩) તે આપણને મૃત્યુ આપે છે.

**૨.** હિમરાજ શાહ કયા પ્રસંગ દ્વારા સૌ પ્રથમવાર સ્વામિનારાયણ સંપ્રદાયના સંપર્કમાં આવ્યા?
(૧) ગોપાળાનંદ સ્વામીએ માંગેલ ધર્માદા દ્વારા **૨.** ૨
**(૨) ગોપાળાનંદ સ્વામીની નાડી તપાસતા**
(૩) ગોપાળાનંદ સ્વામીની કથાવાર્તા દ્વારા

**૩.** પુનર્જન્મ પર સંશોધન કરનાર સંશોધનકાર કોણ છે?
(૧) આલ્બર્ટ આઈન્સ્ટાઈન **(૨) ઈઆન સ્ટીવન્સન** (૩) કોપરનીક્સ **૩.** ૨

**૪.** એક નીચી જ્ઞાતિના ગરીબ વ્યક્તિને અંતકાળે (મૃત્યુસમયે) શેના દર્શન થયા?
(૧) શ્રીજી મહારાજના કથા કરતા (૨) શ્રીજી મહારાજ રાસ રમતા **૪.** ૩
**(૩) શ્રીજી મહારાજની મૂર્તિ પીરસતી**

**૫.** ‘હે...હેઠ... અક્ષરધામથી આવ્યા છીએ.’ આવું વાક્ય કોણે કહ્યું?
**(૧) ગુરુહરિ મહંતસ્વામી મહારાજે** (૨) મુક્તાનંદ સ્વામીએ (૩) ભગતજી મહારાજે **૫.** ૧

**૬.** માણસિયો ખુમાણના જીવનમાં નીચેનામાંથી કઈ ઘટના નહોતી ઘટી?
(૧) રૂા. ૨ લાખ (૨૦૦,૦૦૦) બચત કરી **૬.** ૨
**(૨) નોકરીમાં પ્રગતિ મળી** (૩) ચોખ્ખો ધર્માદો કાઢતા

**૭.** શ્રીજી મહારાજે ફૂલદોલનો ઉત્સવ કયા સ્થળે ઉજવ્યો હતો?
**(૧) પંચાળા** (૨) ગઢડા (૩) ગોંડલ **૭.** ૧

**૮.** રાજા વજેસિંહનો દરબાર ક્યાં હતો?
**(૧) ભાવનગરમાં** (૨) અમદાવાદમાં (૩) જામનગરમાં **૮.** ૧

**૯.** સત્સંગની માસ્ટર કી શું છે?
(૧) નિર્દોષપણું (૨) અભિમાન **(૩) દાસપણું** **૯.** ૩

**૧૦.** ૧૦૦ વર્ષ પૂર્વે, ઘનશ્યામ મહારાજની મૂર્તિ કયા ગામમાં પધરાવવાની હતી?
**(૧) રામપુરા, સુરત** (૨) અમદાવાદ (૩) બોચાસણ **૧૦.** ૧

**૧૧.** વાછરડાંઓને કેટલા દિવસથી ખાવા નહોતું મળ્યું?
(૧) ૩-૪ (૨) ૧-૨ **(૩) ૨-૩** **૧૧.** ૩

**૧૨.** વર્તમાન ધરાવ્યા બાદ, ગળામાં શું ધારણ કરવામાં આવે છે?
(૧) ફૂલહાર (૨) માળા **(૩) બેવડી કંઠી** **૧૨.** ૩

**૧૩.** પૂજામાં કેટલી માળા અને પ્રદક્ષિણા કરવી જોઈએ?

(૧) ૬ (૨) ૩ **(૩) ૫** **૧૩.** [ ૩ ]

**૧૪.** બાળસભામાં શું ન કરવું જોઈએ?

(૧) સભામાં ભાગ લેવો **(૨) અન્ય બાળકોને હેરાન કરવા** (૩) ધ્યાન આપવું. **૧૪.** [ ૨ ]

**૧૫.** ભગવાન સ્વામિનારાયણનો જન્મ ક્યારે થયો હતો?

(૧) ચૈત્ર સુદ-૧૫ **(૨) ચૈત્ર સુદ-૯** (૩) શ્રાવણ સુદ-૧૦ **૧૫.** [ ૨ ]

**૧૬.** ગુણાતીતાનંદ સ્વામીની કૃપાથી વાઘાખાચરને કેવી સ્થિતિ થઈ ગઈ?

**(૧) નિરાવરણ** (૨) બ્રાહ્મી (૩) ગુણાતીત **૧૬.** [ ૧ ]

**૧૭.** મહંતે નીલકંઠ વર્ણીને મઠમાં રોકવા કેટલા રૂપિયા આપવાનો પ્રસ્તાવ મૂક્યો?

(૧) રૂ. ૧ હજાર (૨) રૂ. ૫ લાખ **(૩) રૂ. ૧ લાખ** **૧૭.** [ ૩ ]

**૧૮.** શ્રીજી મહારાજ દરેક કર્મમાં શું રહેલું છે?

(૧) ધર્મ (૨) અકર્મ **(૩) મર્મ** **૧૮.** [ ૩ ]

**૧૯.** સહજાનંદ સ્વામીએ કેટલા વરદાન માંગ્યા?

(૧) ૩ **(૨) ૨** (૩) ૫ **૧૯.** [ ૨ ]

**૨૦.** ગાદી સોંપવાના પ્રસંગને શું કહેવામાં આવે છે?

**(૧) પટ્ટાભિષેક** (૨) યજ્ઞ (૩) પૂજા **૨૦.** [ ૧ ]

**૨૧.** યોગીજી મહારાજે કેટલી વિદેશયાત્રાઓ કરી?

**(૧) ત્રણ** (૨) બે (૩) પાંચ **૨૧.** [ ૧ ]

**૨૨.** 'આ અમારે રહેવાનું અક્ષરધામ છે.' આ વાક્ય શ્રીજી મહારાજે કોને ઉદ્દેશીને કહ્યું?

(૧) ગોપાળાનંદ સ્વામી **(૨) ગુણાતીતાનંદ સ્વામી** (૩) પોતાને **૨૨.** [ ૨ ]

**૨૩.** પ્રગટ સત્પુરુષ શું છે?

(૧) સદ્‌ગુરુ (૨) સંત **(૩) મોક્ષનું દ્વાર** **૨૩.** [ ૩ ]

**૨૪.** મનુષ્યદેહ પ્રાપ્ત કર્યા પહેલા જીવ કેટલી જાતના દેહ ધારણ કરે છે?

(૧) ૩૨ લાખ **(૨) ૮૪ લાખ** (૩) ૮૬ લાખ **૨૪.** [ ૨ ]

**૨૫.** ઘનશ્યામના મોટાભાઈનું નામ શું હતું?

**(૧) રામપ્રતાપભાઈ** (૨) ઈચ્છારામ (૩) ધર્મદેવ **૨૫.** [ ૧ ]

**પ્ર.૨ નીચેના વાક્યો ખરાં (✓) છે કે ખોટાં (✗)તેની નિશાની સામેના ખાનામાં કરો.** **[૧૦]**

**૧.** વેદોમાં આત્મા-પરમાત્માનું જ્ઞાન હોતું નથી. **૧.** [ ✗ ]

**૨.** યોગીબાપાએ સંગીત અને સંસ્કૃત પાઠશાળાની શરૂઆત કરી. **૨.** [ ✓ ]

**૩.** લાડુદાનજીની એક ઈચ્છા એ હતી કે શ્રીમદ્ ભાગવત કાળા કપડામાં વીંટેલું હોય. **૩.** [ ✓ ]

**૪.** બી.એ.પી.એસ. સંસ્થાની દેશ-વિદેશની પ્રવૃત્તિઓ, શાળા-છાત્રાલયોના બાંધકામ-સારસંભાળ તેમજ સંચાલન અને શિષ્યવૃત્તિ દ્વારા શૈક્ષણિક સેવા કરવામાં આવે છે. **૪.** [ ✓ ]

**૫.** પ્રમુખસ્વામી મહારાજનું બાળપણનું નામ મૂળજી શર્મા હતું. **૫.** [ ✗ ]

૬. ગોપાળાનંદ સ્વામી કહે છે કે સમગ્ર બ્રહ્માંડમાં શ્રીજી મહારાજની ઈચ્છા વિના સૂકુ પાંદડું હલવા સમર્થ છે. ૬. ✗

૭. કાવડ એ વાંસનું બનાવેલું વાહક છે. ૭. ✓

૮. શ્રીજી મહારાજ મધરાતે તેમના સ્વપ્નમાંથી જાગ્યા અને મુક્તાનંદ સ્વામીને તે સ્વપ્નની જાણ કરી. ૮. ✓

૯. દંડવત્ એટલે એક પગે ઊભા રહી, બંને હાથ ઊંચા રાખી માળા કરવી તે. ૯. ✗

૧૦. ગુણાતીતાનંદ સ્વામીનો જન્મ જામનગર જિલ્લાના ભાદરા ગામે થયો હતો. ૧૦. ✓

**પ્ર.3 નીચે આપેલા પ્રશ્નોના ૧ કે ૨ વાક્યમાં જવાબ લખો.** **[૬]**

૧. નારાયણના પિતાએ રૂ. ૫૦૦ ક્યાં સંતાડ્યા હતા?

જ. **નારાયણના પિતાએ હવેલીના મુખ્ય ઓરડાના ત્રીજા પાટડામાં ૫૦૦ રૂપિયા સંતાડ્યા હતા.**

૨. ઘનશ્યામ માછીમાર પર શા માટે ગુસ્સે થયા?

જ. **મીન સરોવરમાંથી માછલીઓ પકડતા માછીમારને જોઈને ઘનશ્યામ મહારાજ ગુસ્સે થયા.**

૩. દાસના દાસ થવામાં શું ફાયદા થાય છે?

જ. **દાસના દાસ થવું એ ખરેખરો સત્સંગ છે. તેનાથી બધું જ સિદ્ધ થાય છે. અંતરનો રાજીપો મળે છે. દાસના દાસ થવું એ સત્સંગની માસ્ટર કી છે.**

**પ્ર.૪ મુખપાઠ પંક્તિ પૂર્ણ કરો.** **[૪]**

૧. વંદુ શ્રી હરિને................................ કલ્યાણદાતા તમે.

જ. **વંદું શ્રી હરિને સદા હૃદયથી, ગુણાતીતાનંદને,**
**વંદું પ્રાગજી ભક્તને વળી નમું, શાસ્ત્રી મહારાજને,**
**વંદું શ્રી ગુરુ યોગીજી પ્રમુખજી, સૌના ઉરે જે રમે,**
**વંદું સંત મહંતસ્વામી ચરણે, કલ્યાણદાતા તમે.**

૨. ગુરુ બ્રહ્મા .................................... ગુરવે નમઃ

જ. **ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુ ગુરુર્દેવો મહેશ્વરઃ ।**
**ગુરુઃ સાક્ષાત્ પરં બ્રહ્મ, તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥**

**પ્ર.૫ નીચેના કોઈપણ એક વિષય પર ટૂંકનોંધ લખો. (૧૦ થી ૧૨ લીટીમાં)** **[૫]**

**૧.** જાણવા જેવું : ગુરુહરિ મહંતસ્વામી મહારાજ **(પાઠ નં. ૩૯)**

**૨.** BAPS (બી.એ.પી.એસ.) સંસ્થાની સ્થાપના **(પાઠ નં. ૧૫)**

**૩.** સિંહને વશ કર્યો **(પાઠ નં. ૫)**

**(જવાબ માટે યોગ્ય પ્રકરણોનો સંદર્ભ લો.)**